જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


તા.૭/૧/૨૦૧૭ શનિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૪૦/૧૭

**કાલુપુર પોલીસ સ્ટેશન** :-

ચાઇનીઝ તુક્કલ અને ચાઇનીઝ માંજા/ દોરાના લીધેલ ભુતકાળમાં થયેલ અકસ્માતોને લઇને આવી વસ્તુઓના વેચાણ ઉપર મહેરબાન પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ પ્રતિબંધક જાહેરનામું બાહર પાડેલ છે. જે જાહેરનામા ની કડક અમલવારી કરવા માટે આજરોજ અમો તથા પો.સબ.ઇન્સ. બી.ડી.ઝીલરીયા તથા પોલીસ સ્ટાફના માણસો સાથે કાલુપુર વિસ્તારમાં પેટ્રોંલીગમાં હતા દરમ્યાન અમોને ખાનગી બાતમીદારથી બાતમી હકીકત મળેલ કે "કાલુપુર ટાવર રોડા ઉપર ભંડેરી પોળ સામે આવેલ ઝેડ.કે. સિઝનેબલ નામના દુકાનદારે પોતાની દુકાનમાં ચાઇનીઝ તુક્કલોનો કેટલોક જથ્થો છુપાવી રાખેલ છે." જે હકીકત આધારે પંચો તથા પોલીસ સ્ટાફ સાથે સદરી જગ્યાએ જઇ રેઇડ કરતા દુકાનની ઉપરના માળેથી છુપાવી રાખેલ ચાઇનીઝ તુક્કલ નંગ- ૩,૦૦૦ કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- ની મત્તાનો મુદ્દામાલ આરોપી તાલીમખાન બશીરખાન પઠાણના કબ્જામાંથી તપાસ અર્થે કલાક ૨૦/૦૦ અટક કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે. તેમજ પકડાયેલ આરોપીની પ્રાથમિક પુછપરછ્માં આવો જથ્થો તેનો ભાઇ ઇકબાલ ઉર્ફે કાસીમ પઠાણ કોઇ જગ્યાએ થી લાવેલ હોવાનું જણાવેલ છે જ્યારે ઇકબાલખાનની તપાસ કરતા હાજર મળી આવેલ નથી અને હાલ બહારગામ ગયેલાનું જણાયેલ છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)